મહત્તમ : ૩૫.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૪ ટકા ● સાંજે ૯૪ ટકા
ગાંધીનગર તાપમાન

સે-૨૦માં પોણા પાંચ લાખની સિગારેટ્સની ચોરી..!!

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેરનાં સે-૨૦ ખાતે પ્રમુખ એપાર્ટમેન્ટમાં આવેલી સિગારેટ-પાન મસાલાની હોલસેલની દુકાનને રાત્રે તસ્કરોએ ટાર્ગેટ બનાવી હતી. દુકાનમાંથી તસ્કરો રૂ.૪.૭૭ લાખની સિગારેટ-બીડીના મોટા ખોખાઓ અને પાનમસાલાના પેકેટ્સ ચોરી કરી ગયા હોવાનુ જાણવા મળ્યુ છે. સીસીટીવી કેમેરાથી સજ્જ આ હોલસેલની દુકાનમાં હાથફેરો કર્યા બાદ ચાલાક ચોરો કેમેરાનું ફુટેજ જ્યા સ્ટોર થાય તે ડીવીઆર પણ ઉઠાવી ગયા છે. સે-૨૧ પોલીસે ઘરફોડ ચોરી અંગે ગુનો દાખલ કરી ઉંડી તપાસ શરુ કરી છે.

પેથાપુર ખાતે રહેતા વેપારી અનિલભાઈ માવજીભાઈ ઠક્કર સિગારેટ-બીડી અને પાન-મસાલાનો હોલસેલનો વેપાર કરે છે. સેક્ટર-૨૦ પ્રમુખ એપાર્ટમેન્ટ ખાતે અંબિકા સુપર સ્ટોરમાં તેમનો હોલસેલનો ધંધો ચાલે છે. અનિલભાઈએ રવિવારે રાત્રે દુકાન બંધ કરી અને આજે સોમવારે રજા હોવાથી દુકાન ખોલવાની ન હતી. પરંતુ તેમના ભાઈને ખબર પડી કે તેમની સે-૨૦ ની દુકાનનું તાળુ

તુટેલુ છે અને શટર ખુલ્લુ છે. ભાઈએ અનિલભાઈને જાણ કરી અને તેઓ દુકાને પહોંચ્યા તો રાત્રી દરમ્યાન ત્રાટકેલા તસ્કરો દુકાનમાં હાથફેરો કરી ગયા હતા. દુકાનમાંથી અલગ અલગ બ્રાન્ડની સિગારેટ – બીડીનાં ખોખાઓ અને પાનમસાલાનાં પેકેટ્સ મળી કુલ રૂ.૪,૭૭,૫૦૦ ની કિંમતનો માલસામાન ચોરી કરી ચોરો ફરાર થઈ ગયા હતા. સીસીટીવી કેમેરાથી સજ્જ આ દુકાનમાં ચબરાક ચોરો ઘુસ્યા શાંતિથી માલ ઉઠાવ્યો અને ચોરી કર્યા બાદ જતી વખતે જ્યા કેમેરાનું ફુટેજ સ્ટોર થાય તે ડીવીઆર બોક્ષ પણ ઉઠાવી ગયા હતા. સે-૨૧ પોલીસ મથકમાં અનિલભાઈએ આ મામલે ફરિયાદ આપતા પી.એસ.આઈ જી.બી. વાઘેલાએ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

બેતાલીસ લેઉવા પાટીદાર પ્રગતિ મંડળના હોદ્દેદારો

ગાંધીનગર, તા.૨૧

બેતાલીસ લેઉવા પાટીદાર પ્રગતિ મંડળ ગાંધીનગર દ્વારા તેજસ્વી તારલાઓને સન્માન કરવા માટેનો આઠમો ઈનામ વિતરણ સમારંભ સુખડેશ્વર મહાદેવ પેથાપુરમાં યોજાયો હતો. જુનિયર કેજીથી ધો-૧૨, સ્નાતકો સુધીના તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું તથા બેતાલીસ લેઉવા પાટીદાર પ્રગતિ મંડળ ગાંધીનગરના નવા વરાયેલા હોદ્દેદારોમાં રમેશભાઈ પટેલ-પ્રમુખ મણીભાઈ પટેલ-ઉપપ્રમુખ, ખેમચંદભાઈ પટેલ-મંત્રી, જયંતિભાઈ પટેલ-ખજાનચી અને દિનેશભાઈ પટેલ-સહમંત્રી તેમજ કારોબારીની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી તેમ મંત્રી ખેમચંદભાઈ પટેલે જણાવ્યું હતું.

ગાંધીનગરમાં પાંચ સ્થળોએ વિનામૂલ્યે આયુર્વેદ ઉકાળાનું વિતરણ

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર જિલ્લા પંચાયતની આયુર્વેદ શાખા અને મધુરી ડેરીના સંયુક્ત ઉપક્રમે નગરજનોની રોગ પ્રતિકારક શક્તિમાં વધારો કરે તેવા આયુર્વેદ ઉકાળાનું વિનામૂલ્યે વિતરણ શરૂ કરવામાં આવ્યું છે. આ ઉકાળો તા.૨૫મી ઓગષ્ટ, ૨૦૧૭ સુધી ગાંધીનગરના હાર્દસમા વિસ્તારમાં ઉભા કરાયેલા કેન્દ્રો પરથી આપવામાં આવશે. ગાંધીનગર જિલ્લામાં ગ્રામ્ય અને શહેરી કક્ષાએ તા.૨૧મી ઓગષ્ટ સુધીમાં કુલ-૨,૮૮,૪૨૩ લોકોને ઉકાળા પીવડાવવામાં આવ્યો છે.

આ ઉકાળા નગરજનોને નિયમિત રીતે દરરોજ સવારના ૯ થી ૧૧ કલાક દરમ્યાન મળશે. ઉકાળાનું વિતરણ ગાંધીનગરમાં સેકટર- ૭ અને ૨૯ના સરકારી આયુર્વેદ દવાખાના, સોરાષ્ટ્ર પટેલ વાડી, સેકટર-૭, ઘ-૫ અમૂલ પાર્લર, એસ.ટી. ડેપો અને મધુર ડેરી ખાતેથી વિતરણ કરવામાં આવશે. આ ઉકાળા કેન્દ્રનો લાભ લેવા નગરજનોને આયુર્વેદ અધિકારી શ્રી ભાવનાબેન પટેલે અનુરોધ કર્યો છે.

જિલ્લા કક્ષાની નવરાત્રિ રાસ-ગરબા સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર જિલ્લા રમતગમત અધિકારીની કચેરી દ્વારા ગાંધીનગર જિલ્લા કક્ષાની નવરાત્રિ રાસ-ગરબા સ્પર્ધાનું આયોજન કરવામાં આવનાર છે. જિલ્લા કક્ષાની નવરાત્રિ રાસ-ગરબા સ્પર્ધા અંગેનું એન્ટ્રી ફોર્મ જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, સી- વીંગ, છઠ્ઠો માળ, સહયોગ સંકુલ, પથિકાશ્રમ હોટલની બાજુમાં, સેકટર-૧૧ ખાતેથી કચેરી સમય દરમ્યાન મળશે. આ અરજી ફોર્મ ભરીને તા.૩૧મી ઓગષ્ટ, ૨૦૧૭ સુધીમાં આપવાના રહેશે. વધુ માહિતી માટે કચેરીના ફોન નંબર- ૦૭૯- ૨૩૨ ૪૦૩૨૪ પર સંપર્ક કરવા જિલ્લા રમતગમત અધિકારી, ગાંધીનગરે જણાવ્યું છે.

@ગાંધીનગર

● સે-૨૨ જૈન દેરાસર દ્વારા પર્યુષણ પર્વ નિમિત્તે શ્રી કલ્પસુત્ર વાંચન સવારે ૮.૩૦ કલાકે યોજાશે.

● સરસ્વતી વિદ્યાલય સે-૬ દ્વારા સ્વચ્છતા અભિયાન, મહિલા સશકિતકરણ અને પર્યાવરણ બચાવો અંતર્ગત મહારેલી સવારે ૭.૪૫ વાગે યોજાશે.

વાતવાતમાં

● ગાંધીનગરમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના કર્મચારીઓ તેમની વિવિધ માંગોને લઈને મંગળવારે હડતાળ કરવાના છે. બેકિંગ કર્મચારીઓની હડતાળને કારણે શહેરમાં નાણાંકીય વ્યવહારો ખોરવાશે.

● શહેરમાં ફેલાયેલા સ્વાઈન ફલુના વાવરને પગલે અનેક ઠેકાણે આયુર્વેદિક ઉકાળાનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. આ સાથે આગામી ગણેશોત્સવમાં સ્વાઈન ફલુના વાવરને આગળ વધતો અટકાવી તેના પર કાબુ મેળવવો તંત્ર માટે કસોટીરૂપ બની રહેશે તેવું જણાઈ રહ્યું છે.

આઈ લવ માય ગાંધીનગર

એન કે ઝીંઝુવાડીયા

ગાંધીનગર ગમે

અમદાવાદથી વાયા સાબરમતી આવતાં અને સરખેજ હાઈવે થઈને ગાંધીનગર આવીએ તો હવામાં ભીની સુગંધ અને દિલમાં સુફ્ત અનુભવાય તો તમે ગાંધીનગરમાં આવી ગયા એમ સમજવું. આથી જ આ આખું શહેર મને ગમે છે.

નગરજનો

કદાચ શાક માર્કેટમાં પણ એકબીજાનાં ક્ષેમકુશળ સિવાય એકાદ સરકારી વિષય છેડાઈ જાય એટલી હદે સરકારી રંગમાં રંગાયેલા હોવા છતાં સામાજિક, શૈક્ષણિક અને સેવાક્ષેત્રે પણ એટલાં જ રંગાયેલાં નગરજનો શાંતિપ્રિય અને મળતાવડાં છે.

પ્રવૃત્તિ, સંસ્થા ગમે

ઉંમરની રીતે કામ કરતી જુનિયર અને સિનિયર સિટિઝનોની અલગ કાઉન્સિલ તથા લોપ્રોફાઈલમાં રહીને વર્ષોથી સેવાનાં કાર્યો કરનાર સત્કર્મ ટ્રસ્ટ, માનવ સેવા મંડળની પ્રવૃત્તિ તથા ગુરુકુળ, કડી કેળવણી મંડળ સંચાલિત અનેક શાખાની શૈક્ષણિક સંસ્થા તેમજ અક્ષરધામ જેવાં આકર્ષણો તેમજ ભલે હંગામી પણ સંસ્કૃતિકુંજ સૌને આકર્ષે છે.

નગરને બહેતર બનાવવા

શિસ્તબદ્ધ નગર હોવા છતાં પથિકાશ્રમ એસટી સ્ટેન્ડ ઉપર અમદાવાદ જવા માટે ગાંધીનગરના રહેવાસી શિસ્તબદ્ધ લાઈનમાં ઊભા રહેવાની એક જ ટેવ વિકસાવે તો ગાંધીનગરની આગવી ઓળખ થાય અને મુલાકાતીઓ પણ પ્રભાવિત થાય, પાટનગર છે એવું અનુભવે.

નગર માટે હું કરી શકું

નગરમાં રહેનાર પોતાના રહેઠાણ અને વ્યવસાયની જગ્યાએ સ્વચ્છતા રાખે તો માત્ર વ્યક્તિગત નહીં પણ સામુહિક ફાયદો જ થાય. વેપારીઓનો જ્યાં જમાવડો છે ત્યાં મ્યુનિ. કૉર્પો.ની સહાય લઈને થોડાક સ્વયંફાળાથી પેવરીંગ બ્લોક નંખાવે તો નગર રૂપકડું બની શકે. આખી થાળી સોનાની બને એ કોને ન ગમે? સ્વયં સ્વચ્છતા માટે કટિબદ્ધ છું અને અમલ કરું છું.

આજે નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે રૂરલ આઈટી કિવઝ યોજાશે

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરના નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા ગુજકોસ્ટ અને ટીસીએસના સહયોગથી ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ માટે રૂરલ આઈટી કિવઝ ૨૦૧૭નું આયોજન કરવામાં આવ્યું છે. આ કિવઝમાં ગાંધીનગર જિલ્લાની માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે.

રૂરલ આઈટી કિવઝમાં જિલ્લાની દરેક માધ્યમિક શાળામાંથી કુલ ત્રણ ટીમો ભાગ લઈ શકશે. જેમાં પ્રત્યેક ટીમમાં ધો-૮ થી ૧૨ના કોઈ પણ બે વિદ્યાર્થીઓ જોડાઈ શકશે. કિવઝમાં દરેક ટીમનો એલિમેશન ટેસ્ટ લેવાશે. તા. ૨૨મી ઓગસ્ટે સે-૨૩માં ઘ ટાઈપ સરકારી આવાસોમાં બ્લોક નં. ૬૧/૧ ખાતે યોજાશે. આ સ્પર્ધામાં કોમ્પ્યુટર અને આઈટી વિષયના પ્રશ્નો પુછવામાં આવશે. આ સ્પર્ધામાં પ્રથમ દસ ટીમોને રાજય કક્ષાની રૂરલ આઈટી કિવઝ સ્પર્ધા માટે પસંદ કરાશે. રાજયકક્ષાએ વિજેતા ટીમોને રિજિયોનલ કક્ષાએ સ્પર્ધામાં મોકલાશે. રિજીયોનલ કક્ષાએ પ્રથમ વિજેતા ટીમને રૂ. ૧૦ હજાર રોકડા અને રનર્સ અપને રૂ.૭ હજાર રોકડાનું ઈનામ અપાશે.

રાષ્ટ્રીય કક્ષાની વિજેતા ટીમને રૂ. એક લાખ અને રનર્સ અપ ટીમને રૂ. ૫૦ હજારનું ઈનામ આપવામાં આવશે. ગાંધીનગર જિલ્લાની સ્પર્ધામાં ગ્રામ્ય વિસ્તારની માધ્યમિક શાળાઓમાંથી ૩૦૦ જેટલા વિદ્યાર્થીઓ જોડાશે. આ સ્પર્ધામાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા પ્રમાણપત્ર આપવામાં આવશે.

સે-૪ ઓમકારેશ્વર મહાદેવ ખાતે ઉકાળાનું વિતરણ

આજે ગાંધીનગરના સેકટર-૪ ખાતે ઓમકારેશ્વર મહાદેવના મંદિરે સ્વાઈન ફલુના ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આજે સોમવતી અમાસ હોવાથી મહાદેવજીના મંદિરે શ્રધ્ધાળુ મોટી સંખ્યામાં હોવાથી આ સેવા કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. આ સેવા કાર્યમાં ગાંધીનગર મહાનગર ભાજપના પ્રમુખ મહેન્દ્રભાઈ, વોર્ડ નં. ૮ના ભાજપ પ્રમુખ મેહુલભાઈ, મંત્રી શૈલેષભાઈ, કિસાન મોરચાના પ્રમુખ કિરણભાઈ વગેરેનો સહકાર સાંપડયો હતો. આ પ્રસંગે ઓમકારેશ્વર મહાદેવ મંદિરના પ્રમુખ જગદીશભાઈ રાવલ, મંદિરના સેવક પ્રવિણાબેન વોરા, મનપાની સ્ટેન્ડિંગ કમિટિના ચેરમેન મનુભાઈ પટેલ, કોર્પોરેટર નરેશભાઈ પરમાર, ગુડાના ચેરમેન આશિષભાઈ દવેએ ઉપસ્થિત રહી સેવાઓ આપી હતી.

આર.એન. પટેલ પ્રાથમિક શાળાના બાળકોને ટ્રાફિકના નિયમોથી માહિતગાર કરાયા

ગાંધીનગર, તા.૨૧

દિન પ્રતિદિન માર્ગ અકસ્માતોમાં થઈ રહેલો વધારો ચિંતાજનક છે. માર્ગ અકસ્માતોના મુખ્ય કારણોમાં ટ્રાફિકના નિયમો અંગેની અજાણતા અને બેદરકારી જવાબદાર છે. માર્ગ અકસ્માતોમાં વિશ્વભરમાં સૌથી વધુ મોત ભારતમાં થાય છે. આ સમસ્યાને નિવારવી હશે તો નવી પેઢીને બાળપણથી જ ટ્રાફિકના નિયમોથી અવગત કરી તેનું પાલન કરવા પ્રેરિત કરવી પડશે. ગાંધીનગરના સે-૨૩ની શ્રીમતી આર.એન. પટેલ પ્રાથમિક શાળા દ્વારા વિદ્યાર્થીઓ માટે ટ્રાફિક અવેરનેસ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આરટીઓ કચેરી દ્વારા શ્રીમતી આર.એન. પટેલ પ્રાથમિક શાળાના ધો-૬ થી ૮ના વિદ્યાર્થીઓને આરટીઓના નિયમો, ટ્રાફિક સમસ્યા, ટ્રાફિક નિયમનના ચિહ્નોની સમજ

આપવામાં આવી હતી. ગાંધીનગર આરટીઓના કર્મચારી દિક્ષિતભાઈ પટેલ દ્વારા લાયસન્સ ક્યારે મળે અને તે કઢાવવા માટેની સંપૂર્ણ માહિતી બાળકોને આપી હતી. ઉપરાંત ટ્રાયલ વિડિયો દ્વારા બાળકોને લાયસન્સ મેળવવાના ટ્રેકની ટ્રાયલ બતાવી તે વિશે માહિતગાર કર્યા હતા. અંતે બાળકોને પ્રશ્નોત્તરી દ્વારા કેટલું જ્ઞાન પ્રાપ્ત કર્યું તથા બાળકોને મુંઝવતા પ્રશ્નોનો યોગ્ય જવાબ આપી માર્ગ પરિવહનની સંપૂર્ણ સરળ માહિતી આપી હતી. આ ઉપયોગી માહિતીથી વિદ્યાર્થીને માહિતગાર કરવા બદલ શાળા પરીવાર વતી દિક્ષિતભાઈ પટેલનો આચાર્યએ આભાર વ્યકત કર્યો હતો.

આજે સે-૬માં વિદ્યાર્થીઓની મહારેલી

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરના સેકટર-૬ ખાતેના સરસ્વતી વિદ્યાલય દ્વારા આવતીકાલે તા. ૨૨મી ઓગસ્ટ મંગળવારના રોજ સવારે ૭.૪૫ કલાકે મહારેલીનું આયોજન કરવામાં આવ્યું છે. આ મહારેલી સ્વચ્છતા અભિયાન, મહિલા સશકિતકરણ અને પર્યાવરણ બચાઓ જેવા વિષયે યોજાશે. મહારેલી સે-૬ના તમામ મુખ્યમાર્ગો પર ફરશે અને જનજાગૃતિના પ્રયાસો કરશે. મહારેલીનું પ્રસ્થાન શાખાના ટ્રસ્ટી તથા ગાંધીનગર શહેર કોંગ્રેસના પૂર્વ પ્રમુખ મુકેશભાઈ પટેલ અને વોર્ડ નં. ૭ના કોર્પોરેટર્સ રાકેશભાઈ પટેલ, હિરલબેન જોશી, ઉર્મિલાબેન વર્મા તથા જયરાજસિંહ વાઘેલા કરાવશે.

વડનગરા નાગર મંડળના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરના વડનગરા નાગર મંડળની વાર્ષિક સામાન્ય સભા આજે યોજાઈ હતી. જેમાં વર્ષ ૨૦૧૭-૧૮ માટે પ્રમુખપદે પ્રહર અંજારીયાની નિમણુંક કરવામાં આવી હતી. જાણીતા કેળવણીકાર અને નાગરશ્રેષ્ઠી પ્રહરભાઈ અંજારિયા વડનગરા નાગર મંડળના પ્રમુખપદે વરણી પામતા સમાજમાં ઉત્સાહની લાગણી પ્રગટી હતી. શ્રી અંજારિયા ગાંધીનગર અને ગુજરાતની જાણીતી શિક્ષણ સંસ્થા રંગોલી ઈન્સ્ટીટયૂટના ચેરમેન તરીકે કાર્યરત છે. ઉપરાંત અનેક સામાજિક અને શૈક્ષણિક સંસ્થાઓમાં અગ્રેસર ભૂમિકા ભજવે છે.

આ સાથે સંસ્થાના પ્રમુખ પદે સતત ૯ વર્ષ સુધી સેવા આપી ગાંધીનગર શહેરમાં જ્ઞાતિ માટે સર્વોત્તમ યોગદાન આપનારા સુધીરભાઈ દેસાઈની કારોબારીના માર્ગદર્શક તરીકે નિમણુંક કરવામાં આવી હતી. આ સાથે નવ નિયુકત કારોબારીમાં સર્વાનુમતે અન્ય હોદ્દેદારોની પણ નિમણુંક કરવામાં આવી હતી. જેમાં મંત્રી પદે દિગંત ઓઝા, ઉપપ્રમુખ પદે વત્સલ વોરા, ખજાનચી પદે અભ્ય સ્વાદીયા, સહમંત્રી પદે તથાગત મેહતા અને સહમંત્રી પદે પ્રેરક વસાવડાની નિમણુંક કરવામાં આવી હતી.

ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓ સન્માનાયા

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા જિલ્લાના શૈક્ષણિક ક્ષેત્રે સિધ્ધી હાંસલ કરનાર વિદ્યાર્થી ભાઈ-બહેનોનો સન્માન તેમજ પ્રમાણપત્રો એનાયત કરવાનો કાર્યક્રમ રાજપૂત ભવન સે-૧૨ ખાતે મહેન્દ્રસિંહ શંકરસિંહ વાઘેલાના અધ્યક્ષ પદે યોજાયો હતો.

આ પ્રસંગે મહેન્દ્રસિંહ વાઘેલાએ જરૂરિયાત મંદને મદદ કરવા જણાવ્યું હતું અને સૌએ સાથે મળી આવા કાર્યક્રમો યોજવા બદલ સમાજના પ્રમુખ વિક્રમસિંહ ગોલ અને તેમની ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

આ પ્રસંગે શહેર રાજપૂત સમાજના પ્રમુખ શંકરસિંહ રાણાએ ચિલોડા હાઈવે ઉપર ૪૦ કરોડના ખર્ચે શૈક્ષણિક હબ બનાવવામાં આવી રહ્યું છે તેની વિગતો આપી હતી. તેજસ્વી તારલાઓને પ્રમાણપત્રો તેમજ ઈનામો આપી સન્માનવામાં આવ્યા હતા.

આ પ્રસંગે મ્યુનિસિપલ કોર્પોરેશનના ડેપ્યુટી મેયર જીગાબાપુએ દરેક સમસ્યાનો ઉકેલ માત્ર ને માત્ર શિક્ષણ દ્વારા જ આવી શકે છે તેમ જણાવ્યું હતું. ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટના પ્રમુખ વિક્રમસિંહ ગોલે સ્વાગત પ્રવચન કર્યું હતું અને આવનારા વર્ષોમાં થનાર સમૂહલગ્નની વિગતો આપી હતી તથા ઉપસ્થિત મહેમાનોનો ખાસ આભાર માન્યો હતો.

સ્કાઉટ ગાઈડમાં પ્રશંસનીય કામગીરી બદલ રાજયપાલ દ્વારા સન્માનિત પ્રતાપ હાઈસ્કુલના આચાર્ય યુવરાજસિંહ વાઘેલાને આ પ્રસંગે સન્માનવામાં આવ્યા હતા.

આ પ્રસંગે ઉદ્યોગપતિ દિનેશસિંહ ચાવડા, એડવોકેટ શંકરસિંહ ગોહિલ, કરણસિહ વાઘેલા, કોર્પોરેટર શૈલેશસિંહ બિહોલા, જયરાજસિંહ વાઘેલા, પ્રેમબા હાડા, વાવોલના ડેપ્યુટી સરપંચ ભાવનાબા ગોલ, ગીતાબા વાઘેલા, પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા, વનરાજસિંહ ચાવડા, લક્ષ્મણસિંહ રાજપૂત, મહેશસિંહ રાઓલ, ભરતસિંહ બિહોલા, રતનસિંહ વાઘેલા, નટુભા વાઘેલા, પ્રદિપસિંહ વાઘેલા, યુવરાજસિંહ વાઘેલા , વરિષ્ઠ પત્રકાર વિનોદસિંહ રાઠોડ, રાંધેજા ગામના સરપંચ, ગાયક કલાકાર બાબભા વિગેરેએ મોટી સંખ્યામાં હાજર રહી તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માન્યા હતા અને પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા.

લક્ષ્મણસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે રાજપુત સમાજનો કોઈ પણ વિદ્યાર્થી ૯૦ ટકા ઉપર લાવશે તો તેની ફી માફી કરી ખાસ સ્કોલરશીપ આપવામાં આવશે. આ પ્રસંગે મહેશસિંહ રાઓલે સુંદર પ્રવચન કરનાર દિકરીને ખાસ ઈનામ આપ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન નટવરસિંહ ભાટી અને શહેર રાજપૂત સમાજના ખજાનચી બાબુસિંહ વાઘેલાએ કર્યું હતું. તેમજ આભારવિધિ રતનસિંહ વાઘેલાએ કરી હતી.

જુસિકા તરફથી આરોગ્ય સુરક્ષા સાધની ડીપોઝીટ રીન્યુ કરાવવા બાબત

ગાંધીનગર, તા.૨૧

જુનિયર સિટીઝન કાઉન્સિલની યાદીમાં જણાવાયું છે કે તા. ૧-૪-૨૦૧૫થી તા. ૩૧-૩-૨૦૧૬ દરમિયાન સંસ્થામાંથી ડિપોઝીટ ભરી આરોગ્ય સુરક્ષા સાધન લીધેલ હોય અને સાધન રીન્યુ કરાવેલ ન હોય તો આ સાધનની ડિપોઝીટ આગામી તા. ૩૧-૮-૨૦૧૭ સુધી સાધન પરત આપી સંસ્થા કાર્યાલય ઉપરથી ડિપોઝીટ મેળવી લેવી. ત્યારબાદ સાધનની ડિપોઝીટ પરત આપવામાં આવશે નહિ તેની ગાંધીનગરના સર્વે નગરજનોને નોંધ લેવા જણાવાયું છે.

ચિરવિદાય

- સ્વ. સોલંકી મંગાભાઈ જેણાભાઈ, ઉ.વ. ૮૦
- સ્વ. ઝાલા હરીશભાઈ રામપ્રસાદ, ઉ.વ. ૪૦
- સ્વ. નટવરજી પુંજાજી ઠાકોર, ઉ.વ. ૪૨
- સ્વ. ત્રિવેદી સીતારામભાઈ દેવશંકરભાઈ, ઉ.વ. ૮૬
- સ્વ. વણકર કેશાભાઈ હિરાભાઈ, ઉ.વ. ૬૫

લ્યો હવે ડુંગળીની આગેવાનીમાં શાકભાજીના ભાવો વધ્યા..!!

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરમાં ફરી એકવાર શાકભાજીના ભાવમાં ઉછાળો જોવા મળતા ગૃહિણીઓના બજેટ ખોરવાઈ જવા પામ્યા છે. આ વખતે આ ભાવવધારાની આગેવાની ડુંગળીએ લીધી છે. ડુંગળી અને ટામેટાં ઉપરાંત મરચાં, ફલાવર, ચોળી અને ટિંડોળા જેવા શાકમાં ધરખમ ભાવવધારો જોવા મળી રહ્યો છે.

શહેરમાં ડુંગળીનો ભાવ એકાએક વધીને કિલોના રૂ. ૪૦ સુધી પહોંચી જવા પામ્યો છે. આ સાથે ટામેટાં કિલોના રૂ.૮૦ અને મરચાં પણ કિલોના રૂ. ૮૦ સુધી પહોંચ્યા છે. ફલાવર, ચોળી અને ટિંટોડા જેવા શાકના કિલોના રૂ.૬૦ થઈ જતા ગૃહિણીઓના રસોડાનું બજેટ ખોરવાઈ જતું જોવાઈ રહ્યું છે. શાકભાજીમાં એકાએક થયેલા ભાવવધારાને પગલે જનતા પર મોંઘવારીનો અસહ્ય બોજ વધી જવા પામ્યો છે. ગાંધીનગરના શાકમાર્કેટમાં કોબીજ અને ભીંડા જેવા શાક પણ કિલોના રૂ. ૪૦ લેખે વેચાઈ રહ્યા છે.

છેલ્લા કેટલાક સમયથી ટામેટા અને મરચાંના ભાવ આમ પણ આસમાને હતા જેમાં હવે ગરીબોની કસ્તુરી સમાન ડુંગળીનો પણ ઉમેરો થતા મધ્યમ વર્ગ અને જરૂરિયાતમંદ વર્ગની હાલત કફોડી થઈ રહી છે. હાલ પવિત્ર શ્રાવણ માસનું સમાપન થયું છે. પરંતુ આગામી દિવસોમાં ગણેશોત્સવ સહિતના તહેવારો આવી રહ્યા છે ત્યારે આ સમયે થયેલો શાકભાજીના ભાવોનો વધારો નગરજનોને આકરો નિવડશે તેવું સ્પષ્ટ જણાઈ રહ્યું છે.